## (1) 'લોહ અયસ્ક નીતિ 2021'ના સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?

(1) આ નીતિ રેલ્વે મંત્રાલય દ્વારા રેલ ડબ્બાઓ અને લોહ–અયસ્કના પરિવહનના નિયમન માટે લાવવામાં આવી છે.
(2) તેનો હેતુ ગ્રાહકોની અયસ્ક પરિવહન સંબંધી તમામ જરૂરિયાતો પૂરી પાડવાનો છે.
(3) આ નીતિ પહેલાં ફ્રેટ ઈકવલાઈઝેશન પોલિસી 2000 હેઠળ સબસીડી અપાતી હતી.
(4) આ નીતિ અર્થવ્યવસ્થાના કોર(Core) ક્ષેત્રને પ્રોત્સાહન આપે છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ હાલમાં જ રેલ મંત્રાલય દ્વારા રેલ ડબ્બાઓની ફાળવણી અને લોહ–અયસ્કના પરિવહનના નિયમન માટે લોહ–અયસ્ક નીતિ 2021 બહાર પાડવામાં આવી.

⇛ તેનો હેતુ ગ્રાહકોની અયસ્ક પરિવહન સંબંધી તમામ જરૂરિયાતો પુરી કરવાનો છે.

⇛ ઘરેલુ વિનાર્મણને પ્રોત્સાહન સાથે જ વૈશ્વિક પ્રતિસ્પર્ધા માટેના પડકારો સામે લડવા પોલાદ ઉદ્યોગને લોજિસ્ટીક સપોર્ટ આપવામાં આવશે.

⇛ અર્થવ્યવસ્થાના કોર ક્ષેત્રને પ્રોત્સાહન આપી દેશની આર્થિક વૃદ્ધિ કરશે.

⇛ રેલવેના કુલ માલ પરિવહનમાં કોલસા બાદ લોહ–અયસ્ક દ્વિતીય પ્રમુખ માલ છે.

⇛ આ પહેલાં ફ્રેટ ઈકવલાઈઝેશન પોલિસી (FEP) 1952 હેઠળ લાંબા અંતરના પરિવહનમાં લોખંડ–પોલાદ, સીમેન્ટ વગેરે ને કેન્દ્ર દ્વારા સબસીડી આપવામાં આવતી હતી. ઉદારીકરણ બાદ 1993માં આ નીતિને સમાપ્ત કરી દેવાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રારંભ-સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ સમિટનું આયોજન ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (DPIIT) દ્વારા કરવામાં આવ્યું હતું.

(2) આ સમિટમાં 1500 કરોડના 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ'ની ઘોષણા કરવામાં આવી છે.

(3) DPIITએ એક એકમની સ્થાપનાથી 10 વર્ષ સુધી તેને સ્ટાર્ટઅપ માનવામાં આવશે તેવી જાહેરાત કરી છે.

(4) આવા સ્ટાર્ટઅપનું ટર્નઓવર દરેક વર્ષ માટે 50 કરોડથી ઓછું હોવું જોઈએ.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પ્રારંભ–સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટમાં પ્રધાનમંત્રી દ્વારા 1000 કરોડના સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડની ઘોષણા કરવામાં આવી છે.

⇛ આ સમિટનું આયોજન વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (DPIIT) દ્વારા કરવામાં આવ્યું હતું.

⇛ તેનો હેતુ સંપૂર્ણ વિશ્વના અગ્રણી નીતિ નિર્માતાઓ ઉદ્યોગ, શિક્ષણ–જગત, રોકાણકારો, સ્ટાર્ટઅપ અને બધા હિતધારકોને એક મંચ આપવાનો છે.

⇛ DPIIT અનુસાર કોઈપણ એકમને તેની સ્થાપનાની તિથીથી 10 વર્ષ સુધી સ્ટાર્ટઅપ માનવામાં આવે છે.

⇛ દરેક વર્ષમાં ટર્નઓવર 100 કરોડ રૂપિયાથી ઓછું હોવું જોઈએ.

⇛ સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ – વ્યવસાયનો આરંભ કરવા અને તેને વિકસિત કરવા પ્રારંભિક મૂડી પ્રદાન કરશે.

⇛ તેમને ભવિષ્યમાં ઋણ આધારીત મૂડી માટે સહાયતા પણ કરવામાં આવશે.

⇛ ભારતમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ તંત્ર છે. 45% સ્ટાર્ટઅપ ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં છે. જે સ્થાનિક ઉત્પાદનોના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) બેંક રોકાણ કંપની(BIC)ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

(1) બેંકોના પુનઃ મુડીકરણ માટે બેંક રોકાણ કંપની મોડલ અપનાવવામાં આવે છે.
(2) બેંક રોકાણ કંપનીની સ્થાપના માટે પી. જે. નાયક સમિતિએ ભલામણ કરી હતી.
(3) આ સમિતિએ સરકારના બેંકમાં રહેલા શેરોને બેંક રોકાણ કંપનીમાં સ્થળાંતરીત કરવાની ભલામણ કરી હતી.
(4) આ કંપની નિદેશક મંડળની નિયુક્તિ કરશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભારત સરકાર બેંકોમાં પુનઃમુડીકરણ (**Bank Recapitalisation**) માટે બેંક રોકાણ કંપની (BIC) મોડલ બનાવવા વિચારી રહી છે.

⇛ બેંકોમાં પુનઃમૂડીકરણ માટે આવું BIC મોડલ અપનાવવામાં આવે છે.

**P.J. Nayak Committee Recomndations**

1. આ સમિતિએ ભારતમાં બેંક બોર્ડના વહીવટ' સંબંધી પોતાના રીપોર્ટમાં BICની સ્થાપના માટેની ભલામણ કરી હતી.
2. રિપોર્ટમાં બેંકોમાં રહેલા સરકારના શેરોને BICમાં સ્થળાંતરીત કરવાનું સૂચન કરાયું હતું. જે આ તમામ બેંકોની હોલ્ડીંગ કંપની બને પરિણામે PSBs 'મર્યાદિત' બેંકો બની જશે.
3. આ કંપની નિદેશક મંડળની નિયુક્તિ અને સહાયક કંપનીઓના નીતિગત નિર્ણય માટે શક્તિશાળી અને સ્વાયત્ત હશે.
4. BIC, બેંકોમાં સરકારનો હિસ્સો 51% સુધી ઓછો થઈ ગયો હોવાનું પણ સુનિશ્ચિત કરશે.

⇛ BICની સ્થાપનાથી PSBsની સરકાર પરની નિર્ભરતા ઓછી થશે અને રાજકોષીય દબાણ ઘટશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) આંતરરાષ્ટ્રીય પર્યટન રીપોર્ટ 2020ના સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?

(1) આ રીપોર્ટ સંયુકત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ(UN DESA) દ્વારા બહાર પાડવામાં આવે છે.
(2) હાલમાં પ્રવાસીઓની સંખ્યા વિશ્વની કુલ વસ્તીના 5.2% છે.
(3) સંપૂર્ણ વિશ્વના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં 75% ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં નાગરિકો હતાં.
(4) ભારતીય પ્રવાસીઓની સૌથી વધુ સંખ્યા અનુક્રમે UAE, USA અને સાઉદી અરબમાં છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ હાલમાં જ સંયુકત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ (UN DESA) દ્વારા આંતરરાષ્ટ્રીય પર્યટન રીપોર્ટ, 2020 બહાર પાડવામાં આવ્યો છે.

⇛ હાલના સમયે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યા વિશ્વની કુલ વસ્તીના 3.6% છે.

⇛ COVID-19એ આંતરરાષ્ટ્રીય પ્રવાસનને ધીમું પાડયું છે અને સંખ્યા ઘટાડી છે.

⇛ વર્ષ 2020 સુધીમાં સંપૂર્ણ વિશ્વના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના 65% ઊંચી આવક ધરાવતા દેશોમાં વસાવટ કરતા હતા. મોટા ભાગના પ્રવાસીઓ મધ્યમ આવકવાળા દેશોથી સંબંધિત છે.

⇛ વર્ષ 2020માં, આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સૌથી વધુ સંખ્યા યુરોપમાં હતી. ત્યાર બાદ ઉતરી અમેરિકામાં હતી. 2020માં આ પ્રવાસીઓમાં 48% મહિલાઓ અને છોકરીઓ હતી.

⇛ વિશ્વના મોટાં ભાગના શરણાર્થીઓને ઓછી અને મધ્યમ આવકવાળાં દેશોએ શરણ આપી હતી. સુરક્ષિત, વ્યવસ્થિત અને નિયમિત પ્રવાસની સુવિધાઓ આપવા માટે ઘણાં દેશોએ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

ભારત

⇛ ભારતમાં 18 મિલિયન લોકો બહાર રહે છે જે વિશ્વનો સૌથી મોટો પ્રવાસી વર્ગ છે. ભારતના પ્રવાસીઓ અનુક્રમે UAE, USA અને સાઉદી અરબમાં સૌથી વધુ છે.

⇛ ભારતમાં પ્રવાસન શ્રમ અને પારિવારીક કારણોથી સંબંધિત છે.

⇛ ખાસ કરીને કાર્યશીલ લોકો વધુ છે. પરંતુ કેટલાંક વિદ્યાર્થીઓ પણ આ પ્રવાસીઓમાં શામિલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) એમ. નાગરાજ કેસના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) એમ. નાગરાજ કેસનો ચૂકાદો સુપ્રીમ કોર્ટ દ્વારા 2006માં આપવામાં આવ્યો હતો.

(2) આ કેસના ચૂકાદામાં સુપ્રીમ કોર્ટ દ્વારા SC/STની બઢતીમાં ક્રિમીલેયરના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી હતી.

(3) 77માં અને 85માં બંધારણીય સુધારાને આ કેસમાં પડકારવામાં આવ્યો હતો.

(4) કોર્ટે આ બંને સુધારાને માન્ય રાખ્યા હતા.

(A) આપેલ તમામ
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ હાલમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા 2006ના બંધારણીય બેંચના એમ. નાગરાજ કેસના ચૂકાદાના સંદર્ભમાં રાજ્યોની આપત્તિઓનુ સંકલન કરવાનું એટર્ની જનરલ કે. કે. વેણુગોપાલને કહેવામાં આવ્યું છે.

⇛ એમ. નાગરાજ કેસમાં કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયોના સભ્યોની બઢતીમાં ક્રિમીલેયર સિદ્ધાંતને સમર્થન આપ્યું હતું.

**એમ. નાગરાજ કેસ**

⇛ 1995માં સંસદ દ્વારા 77માં બંધારણીય સુધારા દ્વારા આર્ટિકલ 16માં 4Aનો ઉમેરો કરાયો જે SC અને STના પ્રમોશનમાં અનામતથી સંબંધિત હતો.

⇛ 77માં અને 85મા બંધારણીય સુધારાની બંધારણીયતા માટે તેને નાગરાજ કેસમાં પડકારમાં આવ્યો હતો.

⇛ આર્ટિકલ 16(4A)ને કોર્ટે માન્યતા આપી સાથે જ આર્ટિકલ 335ને પણ અસર થશે નહિ તેમ કહ્યું.

⇛ સુપ્રીમ કોર્ટે આ બંને બંધારણીય સુધારાને પણ સમાનતાનો ભંગ ન કરતાં હોવાથી માન્યતા આપી.

⇛ આર્ટિકલ 335-SC/ST સમુદાયને મુખ્ય ધારામાં લાવવા વિશેષ પગલાં ભરવાની વાત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT